# પ્રેસનોટ

અમદાવાદ ટ્રાફીક ટ્રસ્ટ અમદાવાદ શહેરમાં ટ્રાફીક સુધારણા માટે કાર્યરત ચેરીટી કમિશ્નરશ્રી સમક્ષ નોંધણી પામેલ ટ્રસ્ટ છે. આ ટ્રસ્ટ શહેરમાં ટ્રાફીક સુધારણા સબંધિત કામગીરી માટે શહેર ટ્રાફીક પોલીસ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ, હાઇવે ઓથોરીટી, રાજ્ય સરકારશ્રીના વિભાગો તેમજ આ ક્ષેત્રમાં કાર્યરત સ્વૈચ્છિક સંગઠનો તેમજ તજજ્ઞો સાથે સંકલનથી ટ્રાફીક વ્યવસ્થા સુધારણા, માર્ગ અકસ્માત ઘટાડવાના પ્રયાસો, નાગરીકોમાં ટ્રાફીક સેન્સનાં વિકાસ માટે પ્રયાસો વિગેરે કામગીરી ટ્રસ્ટના અનુદાનથી કરે છે.

અમદાવાદ ટ્રાફીક પોલીસ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, નેશનલ હાઇવે ઓથોરીટી વિગેરે સત્તાને ટ્રાફીક નિયમન માટે મદદમાં માનવ સંશાધનની જરૂર હોય તો ટ્રસ્ટ દ્વારા સંચાલિત ટ્રાફીક બ્રિગેડ નામના સ્વંય સેવકના દળમાંથી માંગણી મુજબ સ્વંય સેવકો પુરા પાડવા મદદરૂપ થાય છે. ટ્રાફીક બ્રિગેડમાં સ્વયં સેવકોનું સમયાંતરે પસંદગી કરી અમદાવાદ ટ્રાફીક પોલીસ કે ટ્રાફીક ચિલ્ડ્રન પાર્ક વિગેરે સ્થળે તેમને ટ્રાફીક નિયંત્રણ સબંધિત વિધિવત તાલીમ આપી તેમને યુનિફોર્મ પુરો પાડી સ્વૈચ્છિક ફરજ માટે ફાળવે છે. હાલમાં ટ્રસ્ટ દ્વારા ૧૦૦-મહીલા અને ૫૦૦-પુરૂષો મળી ૬૦૦-ટ્રાફીક બ્રિગેડ સ્વંય સેવકોની સંખ્યા જાળવવાનું નક્કી કરેલ છે. આગાઉ ટ્રસ્ટ દ્વારા કુલ-૨૨૫ યુવાન-યુવતીઓને ટ્રાફીક બ્રિગેડમાં પસંદ કરી અમદાવાદ શહેર ટ્રાફીક પોલીસની મદદમાં ટ્રાફીક નિયમન માટે ફાળવેલ પરંતુ આ પૈકી ૧૯૬ સિવાયના જવાનો હવે ટ્રાફીક ફરજ પર આવી શકે તેમ ન હોઇ નવા યુવાનોને ટ્રાફીક બ્રિગેડ તરીકે પસંદ કરવાની જરૂરત ઉભી થઇ છે. આ સ્વૈચ્છિક દળમાં જોડાવા ઇચ્છતા નીચે દર્શાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારો નિયત કરેલ ફોર્મમાં નીચેના સરનામે અરજી કરી શકે છે:

<u>લાયકાત:</u>

(૧) ઉમંર ૨૧ થી ૩૫ વર્ષ (તા.૧/૬/૨૦૧૩ ના રોજ)

(૨) શૈક્ષણિક લાયકાત : ધોરણ-૯ પાસ
 કોલેજમાં અભ્યાસ કરતા વિધાર્થીઓ પણ અરજી કરી શકે છે.

(૩) ન્યુનત્તમ ઉંચાઇ : મહીલા ૫-ફુટ
 પુરૂષો ૫.૬-ફુટ (૧૭૦ c.m.)

(૪) N.C.C./N.S.S./સ્કાઉટ/R.S.P./G.R.D./હોમગાર્ડ, રાજ્ય કે જીલ્લા કક્ષાએ ખેલકુદ હરીફાઇઓમાં ભાગ લેનાર,ડ્રાઇવિંગ અને કોમ્પ્યુટરની જાણકારી ધરાવનાર વિગેરેને પસંદગીમાં અગ્રતા આપવામાં આવશે. CCC+ કે કોઇપણ જાતની કોમ્પ્યુટર શિક્ષણ લાયકાત ધરાવનારને પણ અગ્રતા આપવામાં આવશે. અમદાવાદ શહેરના રહીશ કે અમદાવાદમાં હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા વિધાર્થી પણ પસંદગી પ્રક્રિયામાં ભાગ લઇ શકશે.

(૫) અરજી ફોર્મ મેળવવાનું સ્થળ : તા.૨૬/૨/૨૦૧૪ના બપોરના ૧૨/૦૦ થી મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (વહીવટ), ટ્રાફીક શાખા ,ગૌરવ ફ્લેટ,મીઠાખળી છ રસ્તા,નવરંગપુરા,અમદાવાદ અને ટ્રાફીક ચિલ્ડ્રન પાર્ક,સરદાર પટેલ ગાર્ડન, રૂપાલી સિનેમા સામે, લાલદરવાજા, અમદાવાદ આ ફોર્મ www.cpahmedabad.gujarat.gov.in/ www.Ahmedabadcitypolice.org પરથી મળી શકશે.

(૬) અરજી ફોર્મ જમા કરાવવાનું સ્થળ :તા.૫/૩/૨૦૧૪ના ૧૨/૦૦ સુધી મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (વહીવટ), ટ્રાફીક શાખા,ગૌરવ ફ્લેટ,મીઠાખળી છ રસ્તા,નવરંગપુરા,અમદાવાદ શહેરની કચેરી ફોર્મ જમા કરાવી શકાશે.

(૭) મહીલા માટે ૪૦૦ મીટર દોડ **(૧૦૫-સેકન્ડ)** અને પુરૂષો માટે ૮૦૦ મીટર દોડ **(૧૯૦-સેકન્ડ)** અને ૨૦ દંડ / ૧૦ પુલપ્સ (પાર્સીંગ ધોરણ ૫૦% સિધ્ધિ) ની શારીરિક ક્ષમતા કસોટી પસાર કરનારના વ્યક્તિગત ઇન્ટરવ્યુ લેવામાં આવશે. શારીરિક ક્ષમતા કસોટી પોલીસ હેડ ક્વાટર્સ ખાતે તા.૧/૩/૨૦૧૪ થી લેવામાં આવશે. જેની ઉમેદવારને વ્યક્તિગત જાણ કરવામાં આવશે.

સહી/-
મદદનીશ પોલીસ કમિશ્નર (વહીવટ)
ટ્રાફીક શાખા, મીઠાખળી, અમદાવાદ

સહી/-
મંત્રી શ્રી
અમદાવાદ ટ્રાફીક ટ્રસ્ટ